

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 282
Dt.: 18-08-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

દિલ્હીની જનસભામાં બોલ્યા વડાપ્રધાન મોદી

# અમે ખોટા કાયદાઓને વીણી-વીણીને ખતમ કરીશું

## વડાપ્રધાન મોદીએ અર્બન એક્સટેન્શન રોડ-૨ (UER-II) અને દ્વારકા એક્સપ્રેસવેના દિલ્હી ભાગનું ઉદ્ઘાટન કર્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે અર્બન એક્સટેન્શન રોડ-૨ (UER-II) અને દ્વારકા એક્સપ્રેસવેના દિલ્હી ભાગનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે તેમણે જાહેરસભાને સંબોધતા જણાવ્યું કે દિલ્હીને વિકાસનું મોડેલ બનાવવું જરૂરી છે, જેથી દુનિયામાં ભારતની રાજધાની તરીકે તેની ઓળખ પ્રસ્થાપિત થાય.

પીએમ મોદીએ દિલ્હીના સફાઈકર્મીઓની પ્રશંસા કરતા કહ્યું કે, અગાઉની સરકારોએ તેમને ગુલામ સમજ્યા હતા. તેમણે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટમાં રહેલા એક ખતરનાક કાયદાનો ઉલ્લેખ કર્યો, જે મુજબ સફાઈમિત્ર જાણ કર્યા વગર ગેરહાજર રહે તો તેને એક મહિનાની જેલ થઈ શકતી હતી. પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું કે, ભાજપ સરકારે આવા અનેક ખોટા કાયદાઓ શોધીને રદ કર્યા છે અને આ અભિયાન ચાલુ રહેશે. પ્રધાનમંત્રીએ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાના નેતૃત્વમાં ચાલી રહેલા કાર્યોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે, ભાજપ સરકાર યમુના નદીની સફાઈમાં સક્રિય છે અને અત્યાર સુધીમાં ૧૬ લાખ મેટ્રિક ટન કાંપ હટાવવામાં આવ્યો છે. ઉપરાંત, દિલ્હીમાં ટૂંકા સમયમાં ૬૫૦ DEVI ઈલેક્ટ્રિક બસો શરૂ કરવામાં આવી છે, જે ભવિષ્યમાં ૨૦૦૦ નો આંકડો પાર કરશે અને ગ્રીન દિલ્હી-ક્લીન દિલ્હી મંત્રને મજબૂત બનાવશે.

પીએમ મોદીએ અગાઉની સરકારો પર દિલ્હીને બરબાદ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે વર્તમાન ભાજપ સરકાર, લોકો દ્વારા પસંદ કરાયેલી ટીમ સાથે, દિલ્હીને દાયકાઓની સમસ્યાઓમાંથી બહાર લાવશે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપની સરકાર હોવાથી, આખા ક્ષેત્રનો આશીર્વાદ ભાજપ પર છે અને તેઓ દિલ્હી-NCRના વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, ભાજપ સરકાર માટે રિફોર્મનો અર્થ સુશાસનનો વિસ્તાર છે. તેમણે આગામી સમયમાં મોટા રિફોર્મ્સ કરવાની વાત કરી, જેથી જીવન અને વ્યવસાય બંને સરળ બને. દિવાળીથી GSTમાં નેક્સ્ટ જનરેશન રિફોર્મ આવશે, જેનાથી દેશવાસીઓને ડબલ બોનસ મળશે. તેમનો ઉદ્દેશ્ય GSTને વધુ સરળ બનાવવાનો અને ટેક્સ રેટ્સને સુધારવાનો છે, જેનો ફાયદો દરેક પરિવાર, ગરીબ, મધ્યમ વર્ગ, ઉદ્યોગપતિઓ અને વેપારીઓને થશે.

કાર-બાઈક ખરીદનારાઓની બલ્લે બલ્લે !

# મોદીએ લાલ કિલ્લા પરથી નવા GST સુધારાની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નવી કાર અને બાઈક ખરીદનારાઓને મોટી રાહત મળવાની શક્યતા છે. આ વખતે સ્વતંત્રતા દિવસના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી નવા GST સુધારાની જાહેરાત કરી હતી, તેમણે કહ્યું હતું કે નવા GST સુધારા દિવાળી પર લાગુ કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, સરકાર નાની અને મોટી કાર માટેના ટેક્સ રેટમાં તફાવત કરવાનું વિચારી રહી છે. અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે નાની કાર, જે હાલમાં ૨૮ ટકા GST અને ૧-૩ ટકા સેસ રેટ આકર્ષે છે, તે નવા ફેરફાર પછી ૧૮ ટકા ટેક્સ સ્લેબ હેઠળ આવી શકે છે. આ ઉપરાંત, ૨૮ ટકા ટેક્સ સ્લેબ દૂર કર્યા પછી, મોટી લક્ઝરી કાર અને SUVને ૪૦ ટકાની ખાસ ટેક્સ કેટેગરીમાં સ્થાનાંતરિત કરી શકાય છે.અહેવાલમાં એક સરકારી સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, "નાની કાર લક્ઝરી વસ્તુઓ નથી, ફક્ત ૫-૭ વસ્તુઓને ૪૦% સ્લેબમાં રાખવાની યોજના છે." હાલમાં, એન્ટ્રી લેવલ હેચબેક નાની સેડાન અને મીની-SUV સહિતની નાની કાર પર ૨૮% GST અને ૧ ટકા (પેટ્રોલ) અને ૩ ટકા (ડીઝલ) સેસ વસૂલવામાં આવે છે. ૧૨૦૦ cc (૧.૨ લિટર) સુધીની એન્જિન ક્ષમતા અને ૪ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી નાની કાર પર ૨૮ ટકાનો ભારે ટેક્સ તેને સામાન્ય ગ્રાહકો માટે વધુ મોંઘો બનાવે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકાર મધ્યમ કદની કાર પરનો ટેક્સ પણ ઘટાડી શકે છે. હાલમાં, ૧.૨ લિટર અથવા ૧.૫ લિટરથી વધુ એન્જિન ક્ષમતા ધરાવતી મિડ-સેગમેન્ટની કાર ૨૮% GST સ્લેબ હેઠળ આવે છે. તેમના પર ૧૫%નો વધારાનો સેસ પણ વસૂલવામાં આવે છે. જે પછી કુલ ટેક્સનો આંકડો ૪૩% થઈ જાય છે. હવે તેને ૪૦% સ્લેબમાં લાવવાની શક્યતા છે, જો આવું થાય તો આ કારોને પણ ટેક્સ રેટમાં લગભગ ૩% રાહત મળશે. જો આ GST સુધારા લાગુ કરવામાં આવે છે, તો Maruti Alto K10, WagonR, Swift, Baleno, Dzire, Tata Tiago, Tigor, Punch, Hyundaiની i10, i20 અને Xtor જેવી ૧.૦ લિટર અને ૧.૨ લિટર એન્જિન સાથે આવતી કાર સસ્તી થશે. આ ઉપરાંત, Renault Kwid, Triber, Kiger, Skoda Kilak જેવી કારની કિંમત પણ ઘટી શકે છે. તો Tata Nexon, Kia Seltos જેવી SUV કારની કિંમતમાં તફાવત આવશે, જે ૧.૫ લિટર એન્જિન સાથે આવે છે. કાર ઉપરાંત એન્ટ્રી લેવલ બાઈકના ટેક્સ સ્લેબમાં પણ ફેરફારની અપેક્ષા છે. રિપોર્ટ અનુસાર, હાલમાં ૩૫૦ cc સુધીની બાઈક પર ૨૮ ટકા GST વસૂલવામાં આવે છે, જે ઘટાડીને ૧૮ ટકા કરી શકાય છે. જ્યારે ૩૫૦ ccથી વધુ એન્જિન ક્ષમતા ધરાવતી બાઈક પર ઊંચા રેટ લાગુ થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, હાલમાં ૩૫૦ સીસીથી વધુ એન્જિન ક્ષમતા ધરાવતી બાઈક પર ૨૮% જીએસટી દર સાથે ૩% સેસ પણ વસૂલવામાં આવે છે, જેના કારણે કુલ ટેક્સ ૩૧% થાય છે.

પીએમ મોદીએ લાલ કિલ્લાથી દુશ્મનોને આપી ચેતવણી

# ભગવાન કૃષ્ણની તર્જ પર "મિશન સુદર્શન ચક્ર" લોન્ચ

## ભારતનું મિશન સુદર્શન ચક્ર દુશ્મનના હુમલાઓને નિષ્ફળ બનાવશે અને અનેક ગણી વધુ શક્તિથી બદલો લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધન કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિશન સુદર્શન ચક્રની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે જ્યારે યુદ્ધની ટેકનોલોજી સતત બદલાતી રહે છે, ત્યારે ભારતે પણ તેની સંરક્ષણ ક્ષમતાને તે જ હદ સુધી વધારવી પડશે. સુરક્ષાના મહત્વ પર ભાર મૂકતા પીએમ મોદીએ કહ્યું કે ૨૦૩૫ સુધીમાં દેશના તમામ મહત્વપૂર્ણ સ્થળો, વ્યૂહાત્મક સ્થળોથી લઈને હોસ્પિટલો, રેલ્વે સ્ટેશનો અને શ્રદ્ધાના કેન્દ્રો સુધી, આધુનિક તકનીકી સુરક્ષા કવચથી સજ્જ કરવામાં આવશે. આનાથી દરેક નાગરિક સુરક્ષિત અનુભવશે અને આપણી ટેકનોલોજી કોઈપણ તકનીકી હુમલાનો વધુ શક્તિશાળી રીતે જવાબ આપી શકશે.

વાસ્તવમાં ભગવાન કૃષ્ણની કથા સંભળાવતા પીએમ મોદીએ કહ્યું કે જેમ મહાભારતમાં શ્રી કૃષ્ણે પોતાના સુદર્શન ચક્રથી સૂર્યપ્રકાશને રોકીને દિવસને અંધારામાં ફેરવી દીધો હતો, તેવી જ રીતે ભારતનું મિશન સુદર્શન ચક્ર દુશ્મનના હુમલાઓને નિષ્ફળ બનાવશે અને અનેક ગણી વધુ શક્તિથી બદલો લેશે. આ એક શક્તિશાળી શસ્ત્ર પ્રણાલી હશે, જે ફક્ત હુમલાઓને નિષ્ફળ બનાવશે નહીં પરંતુ વ્યૂહાત્મક રીતે દુશ્મનને હરાવવામાં પણ સક્ષમ હશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, આજે મને લાલ કિલ્લાની પ્રાચીર પરથી ઓપરેશન સિંદૂરના બહાદુર સૈનિકોને સલામ કરવાનો અવસર મળ્યો છે. આપણા બહાદુર સૈનિકોએ દુશ્મનોને તેમની કલ્પના બહાર સજા આપી છે. ૨૨ એપ્રિલે પહેલગામમાં સરહદ પારથી આતંકવાદીઓએ જે પ્રકારનો નરસંહાર કર્યો, લોકોનો ધર્મ પૂછીને તેમની હત્યા કરવામાં આવી. આખું ભારત ગુસ્સાથી ભરાઈ ગયું હતું. ઓપરેશન સિંદૂર એ ગુસ્સાની અભિવ્યક્તિ છે. આપણી સેનાએ એવું કર્યું જે ઘણા દાયકાઓથી ક્યારેય બન્યું ન હતું. તેઓએ દુશ્મનની ભૂમિમાં ઘૂસીને આતંકવાદી મુખ્યાલયને જમીનદોસ્ત કરી દીધું.

આ ઉપરાંત, પીએમ મોદીએ ઘણી બધી વાતો કહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે હું યુવા વૈજ્ઞાનિકો, પ્રતિભાશાળી યુવાનો, એન્જિનિયરો વ્યાવસાયિકો અને સરકારના તમામ વિભાગોને વિનંતી કરું છું કે આપણી પાસે આપણા પોતાના મેડ ઈન ઈન્ડિયા ફાઈટર પ્લેન માટે જેટ એન્જિન હોવા જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશનો દરેક નાગરિક અવકાશ ક્ષેત્રનો અજાયબી જોઈ રહ્યો છે. અમારા ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અવકાશ મથકથી પાછા ફર્યા છે અને આગામી દિવસોમાં ભારત આવી રહ્યા છે. અમે અવકાશમાં સ્વ-નિર્ભર ભારત ગગનયાન માટે પણ તૈયારી કરી રહ્યા છીએ. અમે આપણું પોતાનું અવકાશ મથક બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ.

દિલ્હીમાં થયું ધમાકેદાર સ્વાગત

# શુભાંશુ શુક્લાએ ભારતની ધરતી ઉપર પગ મૂક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય અંતરિક્ષ યાત્રી શુભાંશુ શુક્લા તેમની ઐતિહાસિક આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS) યાત્રા બાદ પૃથ્વી પર પરત ફરી ચૂક્યા છે. હવે તેઓ અમેરિકાથી આજે રવિવાર, ૧૭ ઑગસ્ટના રોજ ભારત પાછા ફર્યા છે. ઈસરો (ISRO) તેમની પહેલી માનવ અંતરિક્ષ ઉડાન ૨૦૨૭માં શરૂ કરવાની તૈયારી કરી રહી છે. શુભાંશુનો અનુભવ તેમાં મોટી ભૂમિકા ભજવશે. ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા નાસાના નેતૃત્વ હેઠળના એક્સિઓમ-૪ મિશનનો ભાગ હતા. આ અંતર્ગત, તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક ગયા હતા. મિશન પૂર્ણ કર્યા પછી તેઓ રવિવારે વહેલી સવારે પહેલી વાર ભારત પરત ફર્યા છે. ઢોલ અને ભારત માતા કી જય સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. તેઓ આગામી સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. અવકાશમાં જનારા બીજા ભારતીય અને આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની મુલાકાત લેનાર પ્રથમ વ્યક્તિ, શુભાંશુ શુક્લા, આજે એટલે કે રવિવારે વહેલી સવારે પોતાની માતૃભૂમિ પર પગ મૂક્યા છે. ૧૫ જુલાઈના રોજ કેલિફોર્નિયાના દરિયાકાંઠેથી પૃથ્વી પર પાછા ફરેલા ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા રવિવારે વહેલી સવારે દિલ્હી પહોંચ્યા.



ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર તેમના પરિવાર, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જીતેન્દ્ર સિંહ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને રાષ્ટ્રધ્વજ લહેરાવતા વિશાળ જનમેદની દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહે શુભાંશુ શુક્લાના X ના ભવ્ય સ્વાગતનો એક વીડિયો શેર કર્યો. તેમણે વીડિયોમાં લખ્યું છે કે, 'ભારત માટે ગર્વની ક્ષણ! ISRO માટે ગર્વની ક્ષણ! વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ શક્ય બનાવનારી સરકાર પ્રત્યે કૃતજ્ઞતાની ક્ષણ. ભારતનું અવકાશ ગૌરવ ભારતની માટીને સ્પર્શી રહ્યું છે... ભારત માતાના પ્રતિષ્ઠિત પુત્ર ગગનયાત્રી શુભાંશુ શુક્લા આજે વહેલી સવારે દિલ્હી પહોંચી રહ્યા છે. તેમની સાથે બીજા એક સમાન કુશળ ગ્રુપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયર પણ છે, જે ભારતના પ્રથમ માનવ મિશન ગગનયાન માટે પસંદ કરાયેલા અવકાશયાત્રીઓમાંના એક છે અને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન ISS ના મિશન માટે ભારતના નિયુક્ત બેકઅપ હતા. 'હું, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, ઈસરોના અધ્યક્ષ ડૉ. વી. નારાયણન અને બાદમાં વિદ્યાર્થીઓના એક જૂથને નવી દિલ્હી એરપોર્ટ પર શુભાંશુ શુક્લા અને કેપ્ટન પ્રશાંત બંનેનું સ્વાગત કરવાનો લહાવો મળ્યો.'

ગ્રુપ કેપ્ટન શુક્લા હવે આગામી સમયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળી શકે છે. પીએમ મોદીએ તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં તેનો ઉલ્લેખ કર્યો હતો. શુક્લા ૨૩ ઑગસ્ટના રોજ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા ૪૧ વર્ષમાં અવકાશમાં મુસાફરી કરનાર પ્રથમ ભારતીય અને ૧૯૮૪માં વિંગ કમાન્ડર રાકેશ શર્મા પછી ISS ની મુલાકાત લેનાર પ્રથમ વ્યક્તિ બન્યા. આ મિશન ૨૫ જૂનના રોજ ફ્લોરિડામાં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં તેમના રોકાણ દરમિયાન, શુભાંશુ શુક્લાએ ઘણા વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા. ગગનયાન મિશનમાં શુભાંશુ શુક્લાના આ અનુભવથી ભારતને હવે ફાયદો થશે. ઈસરો અને ભારત સરકાર પોતે માને છે કે શુભાંશુનું કાર્ય ભારતના ગગનયાન માનવ અવકાશ ઉડાન કાર્યક્રમની તૈયારીઓમાં સીધી મદદ કરશે. આ વર્ષના અંતમાં માનવરહિત મિશનથી તેની શરૂઆત થશે. નાસાનું એક્સિઓમ-૪ મિશન ભારતની વધતી જતી માનવ અવકાશ ઉડાન મહત્વાકાંક્ષાઓમાં એક મહત્વપૂર્ણ પગલું હતું. શુભાંશુ શુક્લાના યોગદાનથી આગામી વર્ષોમાં સ્વદેશી અવકાશયાન દ્વારા ભારતીય અવકાશયાત્રીને અવકાશમાં મોકલવાનો પાયો નાખવાની અપેક્ષા છે.

# પત્ની સાથે ઝઘડો થતાં ૪ બાળકોને લઈ કૂવામાં કૂદી પડ્યો પતિ:પાંચેયના દર્દનાક મોત થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અહિલ્યાનગર

મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાં એક વ્યક્તિનો પત્ની સાથે ઝઘડો થયો તો તેણે પોતાના ચાર બાળકોને કૂવામાં ફેંકીને હત્યા કરી દીધી હતી અને બાદમાં પોતે પણ આપઘાત કરી દીધો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. હાલ, પોલીસે કૂવામાંથી તમામ મૃતદેહને બહાર કાઢી પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. અહિલ્યાનગર જિલ્લાના શ્રીગોન્દા તાલુકાના ખિચલી કોરેગાંવના ૩૫ વર્ષીય અરૂણ કાલેનો પત્ની સાથે શનિવારે ઝઘડો થયો હતો. ઝઘડા બાદ અરૂણ આશ્રમશાળામાં અભ્યાસ કરી રહેલા પોતાના બાળકોને લઈને બાઈક પર બેસાડીને શિરડીથી ૧૦ કિ.મી દૂર કોરાહલે ગામ સ્થિત ખેતરમાં કૂવામાં લઈ ગયા. જ્યાં તેણે પોતાની એક દીકરી અને ત્રણ દીકરાને કૂવામાં ફેંકી દીધો. ત્યાર બાદ ખુદ પણ કૂવામાં કૂદી ગયો. જોકે, તેના ચારેય બાળકોનું મોત નિપજ્યું હતું. જોકે, પાંચેય બાળકોની જાણકારી ન મળી તો પરિજનોએ તપાસ હાથ ધરી હતી. ત્યાર બાદ જાણકારી મળી કે, અરૂણ કાલેએ ચાર બાળકો સાથે કૂવામાં કૂદીને આપઘાત કર્યો છે.




# પીએમ મોદીની ચીન મુલાકાત પહેલા ચીનના વિદેશ મંત્રી આવશે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીન મુલાકાત પહેલા ચીનના વિદેશ મંત્રી વાંગ યી સોમવારે ભારતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. વાંગ યી અને NSA અજીત ડોભાલ વચ્ચે બેઠક યોજાવાની છે, જેમાં બંને દેશો વચ્ચે સરહદ પર સ્થાયી શાંતિ માટે ચર્ચા થવાની સંભાવના છે. એકતરફ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત પર ભારે ટેરિફ ઝિંકી સંબંધો બગાડી રહ્યા છે, ભારત અને ચીન નજીક આવી રહ્યા હોવાથી વાંગ યી અને ડોભાલની મુલાકાત પર સૌની નજર છે. ચીનમાં ૩૧ ઓગસ્ટથી શાંઘાઈ સહકાર સંગઠન (SCO) શિખર સંમેલન યોજાવાનું છે, જેના માટે ચીનની શી જિનપિંગ સરકારે પીએમ મોદીના સ્વાગત માટે તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારતમાં વાંગ યી અને ડોભાલ વચ્ચે મહત્ત્વની બેઠક યોજાવાની છે, ત્યારે આ મુલાકાતો બંને દેશોના સંબંધો ફરી સુધારવાના પ્રયાસોના ભાગરૂપે જોવામાં આવી રહી છે. ભારત-ચીનના સૈનિકો વચ્ચે ગલવાન ખીણમાં ઘર્ષણ થયા બાદ બંને દેશોના સંબંધો ખરાબ થઈ ગયા હતા. આ મુલાકાત એટલા માટે પણ મહત્ત્વની માનવામાં આવી રહી છે, કારણ કે, અમેરિકાએ ભારતીય ઉત્પાદનો પર ૫૦ ટકા ટેરિફ ઝિંકતા ભારત-અમેરિકા વચ્ચે સંબંધોમાં તણાવ ઉભો થયો છે.

# તંત્રી લેખ......

## પડકારો નવા છે, સંકલ્પ એ જ છે

જો સ્વતંત્રતાની ૭૯મી વર્ષગાંઠ પર લાલ કિલ્લા પરથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ભાષણ યાદગાર કહેવાય છે, તો તે ફક્ત એટલા માટે નથી કે તે તેમનું અત્યાર સુધીનું સૌથી લાંબુ ભાષણ હતું અથવા તેમણે લાલ કિલ્લાના પ્રાચીર પરથી સતત બારમી વખત રાષ્ટ્રને સંબોધન કર્યું હતું, જે પંડિત જવાહરલાલ નેહરુ સિવાય અન્ય કોઈ વડા પ્રધાનને કરવાની તક મળી નથી. જે પરિસ્થિતિઓ અને પડકારોમાં પીએમ મોદીએ રાષ્ટ્રને સંબોધન કર્યું હતું તે પણ આ ભાષણને મહત્વપૂર્ણ બનાવી રહ્યું હતું.

આજે અમેરિકા ટેરિફ વોર દ્વારા પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે ચીને દુર્લભ પૃથ્વીના ખનીજોને હથિયાર બનાવ્યા છે. આ બધા વચ્ચે, ભારતે પ્રગતિ ચાલુ રાખવાનો માર્ગ શોધવો પડશે. સ્વાભાવિક રીતે, વડા પ્રધાને 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' પર ખાસ ભાર મૂક્યો. તેમણે મહત્વપૂર્ણ પૃથ્વીના ખનીજો, તેલ અને ગેસ, સેમિકન્ડક્ટરથી લઈને શસ્ત્રો સુધીની દરેક બાબતમાં આત્મનિર્ભરતા વિશે વાત કરી. જે રીતે દુનિયા બદલાઈ રહી છે, તે રીતે અન્ય પર નિર્ભરતા ઘટાડવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

હાલમાં, ઉત્પાદન ક્ષેત્ર દેશના જીડીપીમાં માત્ર ૧૨% અને વૈશ્વિક પુરવઠામાં માત્ર ૨.૮% ફાળો આપે છે. તેની તુલનામાં, ચીન વિશ્વ માટે ૨૮.૮% માલ બનાવી રહ્યું છે. આ વર્ષે એપ્રિલમાં, નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે સરકાર આગામી બે દાયકામાં ઉત્પાદનને જીડીપીના ૨૩% જેટલું કરવા માંગે છે. સરકારે નક્કી કરેલો લક્ષ્ય બિલકુલ અશક્ય નથી. ઓટો ઉપકરણો, ઈલેક્ટ્રોનિક્સ, ખાસ કરીને આઈફોનનું ઉદાહરણ દર્શાવે છે કે ભારત પાસે વૈશ્વિક જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા છે. એપલ હવે ભારતમાં લગભગ ૨૦% આઈફોનનું ઉત્પાદન કરી રહ્યું છે, જ્યારે ચીન તેનું કેન્દ્ર હતું. જોકે, પીએમ મોદીએ યોગ્ય રીતે નિર્દેશ કર્યો કે વિશ્વ ગુણવત્તાને મહત્વ આપે છે અને જો ભારતની છબી વૈશ્વિક બજારમાં ચમકાવવી હોય, તો ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો બનાવવા પડશે.

પોતાના લક્ષ્યો સ્પષ્ટ કરતી વખતે, પીએમ મોદી પડકારો તરફ ધ્યાન દોરવાનું ભૂલ્યા નહીં. તેમણે માત્ર ખેડૂતો, પશુપાલકો અને માછીમારોના હિત વિશે વાત કરી નહીં, પરંતુ સિંધુ જળ સંધિને તેના વર્તમાન સ્વરૂપમાં સ્વીકારવાની સ્પષ્ટ જાહેરાત પણ કરી. એ સ્પષ્ટ છે કે ભારત કોઈપણ સંજોગોમાં અનિચ્છનીય દબાણ સ્વીકારી શકે નહીં. પરંતુ એ હકીકત વિશે પણ કોઈ મૂંઝવણ ન હોવી જોઈએ કે ભારતની આત્મનિર્ભરતાનો અર્થ બાકીના વિશ્વથી અલગ થવાનો નથી. ભારત પરસ્પર આદર અને સહયોગના આધારે સંકલનમાં આગળ વધીને જ તેનું લક્ષ્ય નક્કી કરશે.

# વિક્લી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં સાપ્તાહિક ધોરણે રૂ.૧૬૩૦નો કડાકો: ચાંદીનો વાયદો રૂ.૩૪૩ અને ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૦ નરમ

### સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૭૪,૮૧૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮,૪૬,૫૭૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧,૩૩,૪૮૬ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૩૦૪ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૮થી ૧૪ ઓગસ્ટના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૦૨૧૪૦૫.૧૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૭૪૮૧૬.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૪૬૫૭૫.૪૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૩૦૪ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૪૬૨.૦૫ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૩૩૪૮૬.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૯૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૨૨૫૦ અને નીચામાં રૂ.૯૯૬૬૩ના મથાળે અથડાઈ, રૂ.૧૦૧૪૬૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૬૩૦ ઘટી રૂ.૯૯૮૩૮ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૯૭ ઘટી સપ્તાહના અંતે રૂ.૭૯૯૬૫ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે ૧ ગ્રામદીઠ રૂ.૧૧૮ ઘટી રૂ.૧૦૦૨૧ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭૩ ઘટી રૂ.૯૯૩૬૨ થયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૧૫૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૧૭૦૩ અને નીચામાં રૂ.૯૯૩૧૫ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૯૪૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૪૪૯ ઘટી રૂ.૯૯૪૯૫ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૧૪૬૪૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૫૮૭૬ અને નીચામાં રૂ.૧૧૨૭૬૭ના મથાળે અથડાઈ, રૂ.૧૧૪૨૮૬ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૪૩ ઘટી રૂ.૧૧૩૯૪૩ના ભાવે બંધ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૪૪ ઘટી સપ્તાહના અંતે રૂ.૧૧૩૭૦૦ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૩૦૮ ઘટી રૂ.૧૧૩૬૮૭ના સ્તરે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૮૬૪૨.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૬.૬૫ વધી રૂ.૮૮૭.૪ના સ્તરે બંધ થયો હતો. જસત ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૨.૧૫ વધી રૂ.૨૭૦.૬૫ થયો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો રૂ.૧.૮૫ વધી સપ્તાહના અંતે રૂ.૨૫૪.૯ના ભાવે બંધ થયો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૯૫ પૈસા ઘટી રૂ.૧૮૦.૨ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૨૬૦૫.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૪૬૦ અને નીચામાં રૂ.૪૪૧૯ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૩૬ ઘટી રૂ.૪૪૨૩ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૫૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬૦૧ અને નીચામાં રૂ.૫૩૮૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૪૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૦ ઘટી રૂ.૫૫૩૭ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૧૨ ઘટી રૂ.૫૫૩૮ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨૦.૪ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૪૮.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો સપ્તાહના અંતે રૂ.૨૦.૪ ઘટી રૂ.૨૪૮.૩ના સ્તરે બંધ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૫૫.૩ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪૩.૮ વધી રૂ.૯૯૯.૨ થયો હતો. એલચીનો ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૯૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૬૦૦ અને નીચામાં રૂ.૨૪૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૮ વધી રૂ.૨૫૯૦ના સ્તરે બંધ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૮૯૨૭૩.૨૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૪૨૧૩.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૫૭૧૦.૭૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૩૨.૫૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૭.૭૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૭૧૧.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૭૮.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૦૮૨.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૨૪૪૫.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદાઓમાં રૂ.૭.૫૯ કરોડનાં અને મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭૪.૬૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૨૭૨૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૨૨૩૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૫૬૦૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૪૫૪૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૭૭૨૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૪૬૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૭૧૫૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૩૭૦૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૪૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૬૮૦ લોટ, ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં ૧૩,૬૪૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૯૭૮૦ લોટ, નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં ૩૯,૩૮૧ લોટના સ્તરે રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ૫૦૫ લોટ અને એલચીના વાયદાઓમાં ૬૧ લોટના સ્તરે ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૬૮૯ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૩૭૫૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૨૧૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૨૪૩ પોઈન્ટ ઘટી ૨૩૩૦૪ પોઈન્ટના સ્તરે હતો.

## અમદાવાદ SOG એ પાર પાડ્યું ઓપરેશન!

# સ્પર્મ વ્હેલ માછલીની કરોડોની વોમીટ સાથે ૨ શખ્સોની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય SOGએ સ્પર્મ વ્હેલ માછલી વોમિટ (એમ્બરગ્રીસ)ની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. ગ્રામ્ય SOG એ બાતમીના આધારે એક ડમી ગ્રાહક દ્વારા ડિકોય ગોઠવી બે શખ્સો એમ્બરગ્રીસ સાથે ધરપકડ કરી છે.. જેમાં ભાવનગર નો યોગેશ મકવાણા અને અમદાવાદનો પીન્ટુ પટેલની ૨.૯૭૬ કિલો એમ્બરગ્રીસ સાથે સાણંદ થી ધરપકડ કરી છે.જે તપાસ કરતા ભાવનગરનો વોન્ટેડ આરોપી ભરત સરવૈયા દ્વારા પકડાયેલ બન્ને આરોપીને સ્પર્મ વ્હેલ માછલી વોમિટ (એમ્બરગ્રીસ) વેચવા માટે આપી હોવાનું સામે આવ્યું. તેમજ આરોપી દ્વારા છેલ્લા ઘણા સમયથી એમ્બરગ્રીસ વેચવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે.

ગ્રામ્ય SOG એ આ કેસમાં જાણવા જોગ ફરિયાદ નોધીને એમ્બરગ્રીસ ચકાસણી કરવા FSL મોકલી ફોરેસ્ટ વિભાગે તપાસ શરૂ કરી. જોકે પોલીસ તપાસ કરતા સામે આવ્યું કે પકડાયેલ બન્ને આરોપીને વોન્ટેડ આરોપી ભરત સરવૈયા એમ્બરગ્રીસ વેચવા માટે મોકલ્યા હતા. સાથે જ આરોપીઓ પણ એમ્બરગ્રીસ વેચવા માટે અન્ય કોઈને ફિરાક માં હતા. જોકે તે પહેલાં બને શખ્સો ઝડપાઈ ગયા.

ઉલ્લેખનીય છે કે સ્પર્મ વ્હેલ માછલી વોમિટ એ દુલર્ભ પદાર્થ હોઈ તેની હેરાફેરી કરવાના ગુના વધી ગયા છે. જ્યાં આ બન્ને શખ્સોને પકડી ને વધુ તપાસ શરૂ કરી છે.

નોંધનીય છે કે સ્પર્મ વ્હેલ માછલીની ઉલ્ટી કે ૨.૯૭૬ કિલોની આંતરરાષ્ટ્રીય બજારમાં ૨.૯૦ કરોડ થાય છે. જ્યાં ફોરેસ્ટ વિભાગ દ્વારા વોન્ટેડ આરોપી પકડવા માટે તપાસ શરૂ કરી છે. તો બીજી બાજુ એમ્બરગ્રીસ હેરાફેરને લઈ અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે જે દિશામાં પણ તપાસ શરૂ કરી દેવાઈ છે.

નોંધનીય છે કે ભારતમાં વ્હેલ માછલીઓ વન્યજીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ સુરક્ષિત પ્રજાતિ છે. જેના કારણે એમ્બરગ્રીસ નો વેપાર, વેચાણ, ખરીદી અને સંગ્રહ ગેરકાયદેસર છે. વિશ્વભરમાં આ પદાર્થ માટે મોટું ગેરકાયદેસર નેટવર્ક ચાલે છે ત્યારે એમ્બરગ્રીસ એક દુર્લભ કુદરતી પદાર્થ છે. જે અમુક વ્હેલ માછલીઓના પેટમાં આ પદાર્થ રચાય છે. અને તે ઉત્સર્જન થવાથી સમુદ્રમાં વરસો સુધી તરતો રહે છે.

સમય જતા તે એક ખાસ સુગંધ ધરાવતો મોંઘો પદાર્થ બની જાય છે. જેનો ઉપયોગ મુખ્યત્વે લક્ઝરી પરફ્યુમ ઉદ્યોગમાં ફેગ્રન્સ સ્ટેબિલાઈઝર તરીકે થાય છે. જેને લઈને તેનું સ્મગલિંગ પણ થઈ રહ્યું છે. જે સ્મગલિંગ અટકાવવા પોલીસ કામગીરી કરી રહી છે. જેમાં SOG ને સફળતા મળી છે. ત્યારે જોવાનું એ રહે છે કે આગામી તપાસમાં કેવા કેવા ખુલાસાઓ થાય છે. અને કેવું નેટવર્ક સામે આવે છે.

# પોલીસથી બચવા હરતા ફરતા ટેમ્પોમાં રમતા હતા જુગાર

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાંથી એક સમાચાર સામે આવ્યા છે. ઉમરા પોલીસે બાતમીના આધારે મગદલ્લા ઓવારા પાસે હરતો ફરતો ટેમ્પોમાં જુગાર રમતા ૭ ઈસમોને ઝડપી પાડ્યા છે. પોલીસે આ ૭ ઈસમોને પાસે કુલ રૂ.૫૨,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઉમરા પોલીસને મગદલ્લા ઓવારા પાસે જાહેરમાં, એક ટેમ્પોમાં કેટલાક ઈસમો મોટા પાયે જુગાર રમી રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે, ઉમરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ફિલ્મી ઢબે વેશપલટો કરી, સાવચેતીપૂર્વક નજર રાખી હતી.

જુગારીઓને રંગેહાથ પકડવા માટે પોલીસે યોજના બનાવી અને અચાનક દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન જુગારીઓએ ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઉમરા પોલીસે ચાલાકીપૂર્વક પીછો કરીને ૭ ઈસમોને ઝડપી પાડ્યા છે. જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાયેલ ટેમ્પોને પણ પોલીસે કબજે કરી, તમામ આરોપીઓ અને મુદ્દામાલ સાથે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.ઉમરા પોલીસે તમામ ૭ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. સાબરડેરી ખાતે ૭૯ માં સ્વતંત્રતા દિવસની કરાઈ ઉજવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરડેરી ખાતે ૭૯ માં સ્વાતંત્રતા દિવસની ઉજવણી ખુબ જ આનંદ અને ઉલ્લાસભેર કરવામાં આવી હતી. સાબરડેરીના મેનેજીંગ ડીરેકટર શુભાષભાઈ પટેલ દ્વારા ધ્વજારોહણ કરી પ્રાંસગિક ઉદબોધન કરવામાં આવ્યુ હતું.

જેમાં ૭૯ માં વરસે દેશના વિકાસમાં અન્ય ઉદ્યોગો સાથે કદમ મીલાવીને સહકારી ડેરી ઉદ્યોગ પણ દેશના કુલ જીડીપીના ૫ ટકા જેટલુ પોતાનુ ઉત્તમ યોગદાન આપી રહેલ છે તે ભારત દેશ વિશ્વમાં ૨૩૯ મેટ્રીક ટન જેટલુ દુધ ઉત્પાદન કરી પ્રથમ સ્થાને છે અને વ્યકિત દીઠ દુધની ઉપલબ્ધતા ૪૭૧ ગ્રામ પ્રતિ વ્યકિત જેટલી છે, જે આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી બાબત છે સાથે સાથે સાબરડેરી પણ પોતાની સ્થાપના થયેથી ૬૨ વરસની યાત્રામાં દૈનિક ૫ હજારલ લીટરથી આજે અંદાજીત ૫૦ લાખ લીટર દુધ સંપાદનની સાથે સાથે રૂપીયા ૯૫૦૦ કરોડથી વધુ જેટલા ટનઓવરની સિધ્ધી સુધી પહોચેલ છે. જે માટે સંઘમાં વિશ્વાસ ધરાવી દુધ સંપાદન કરાવતા પશુપાલકોનો સંઘ હૃદયપૂર્વક આભારી છે તેમજ પશુપાલકોની સુખાકારી અને ઉપભોગતાઓને ઉત્તમ ગુણવત્તાના અમુલ ના મિલ્ક, બેકરી મીઠાઈ અને સાબર બ્રાન્ડના નમકીન વગેરે પ્રોડકટો મળી રહે તે માટે કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી. સંઘના કેમ્પસમાં દેશના રાષ્ટ્રીય તહેવારોમાં ઉજવણીની તૈયારીમાં ખંતપૂર્વક અમુલ્ય યોગદાન આપતા સીકયુરીટી ઓફીસર, એકસ આર્મીમેન અશોક નાયી તેમજ વિશેષ કામગીરી બદલ કર્મચારી રવિન્દ્રસિંહ કુંપાવતને સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વતંત્ર દિવસની ઉજવણીમાં તમામ વિભાગોના વડા, કર્મચારીઓ, સીકયુરીટી સ્ટાફ, કામદાર, તેમજ સ્ટાફ કોલોનીમાં રહેતા સ્ટાફ પરીવારજનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા.



# રાજ્યની જેલોમાં કેદ બંદીવાનોના બાળકો તથા વયસ્ક બંદીવાનો માટે મહત્વપૂર્ણ નિર્ણય

ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નિર્દેશ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ, આજે જેલ ડીજીપી શ્રી કે.એલ.એન રાવે બંદીવાનોના સંતાનો માટે અને જેલોમાં રહેલા વૃદ્ધ તથા બીમાર બંદીવાનો માટે મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે.રાજ્યની જેલોમાં રાખવામાં આવેલા બંદીવાનોના બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે તેમજ રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા "વિકાસદીપ" યોજના અંતર્ગત રોકડ ઈનામ અને પુરસ્કારો આપવાના નિર્ણયો લેવામાં આવ્યા છે.સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા પર બંદીવાનના બાળકોને કુલ ત્રણ સ્તરે ઈનામો મળશે. જેમાં પ્રિલિમિનરી પરીક્ષા પાસ કરવા બદલ રૂ.૫,૦૦૧ અને પ્રમાણપત્ર, મેઈન્સ/લખિત પરીક્ષા પાસ કરવા બદલ રૂા.૧૦,૦૦૧ અને પ્રમાણપત્ર તેમજ અંતિમ પસંદગી અને નિમણુંક બદલ રૂા.૧૫,૦૦૧, મોમેન્ટો અને પ્રમાણપત્ર બંદીવાનના બાળકોને સિધ્ધિ બદલ આપવામાં આવશે.

બીજી તરફ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે રમત-ગમત ક્ષેત્રે વિજેતા બનેલા બાળકોને પણ ઈનામો આપવામાં આવશે. જે અંતર્ગત રાજ્ય સ્તરે બ્રોન્ઝ મેડલ માટે રૂા.૩,૦૦૧ અને પ્રમાણપત્ર, સિલ્વર મેડલ માટે રૂા.૫,૦૦૧ અને પ્રમાણપત્ર તથા ગોલ્ડ મેડલ માટે રૂા.૭,૦૦૧, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે. જ્યારે રાષ્ટ્રીય સ્તરે વિજેતા થયેલા બાળકોને બ્રોન્ઝ મેડલ માટે રૂા.૭,૦૦૧ અને પ્રમાણપત્ર, સિલ્વર મેડલ માટે રૂા.૧૦,૦૦૧ અને પ્રમાણપત્ર તેમજ ગોલ્ડ મેડલ માટે રૂા.૧૫,૦૦૧, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે. જેલ અધિકારીઓ અને કર્મચારીઓના બાળકોને પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા રમતગમત ક્ષેત્રે સફળતા માટે પણ ઈનામ પુરસ્કાર આપવામાં આવશે.

૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વૃદ્ધ તથા બીમાર બંદીવાનો માટે ખાસ નિર્ણય લેવાયા

- તેમની માટે અલગ બેરેક ફાળવવી
- દૈનિક પ્રવૃત્તિઓ માટે કેરટેકર આપવો
- સ્પેશિયલ રેમ્પ્સ, દવાખાનામાં અગ્રિમતા સાથે સુવિધા આપવી
- નિયમિત તબીબી ચકાસણી અને મેડિકલ કેમ્પનું આયોજન
- પોષણક્ષમ અને આરોગ્યપ્રદ આહાર ઉપલબ્ધ કરાવવો
- જરૂરી દવાઓ સમયસર પહોંચાડવી
- માનસિક આરોગ્ય માટે કાઉન્સેલિંગ સુવિધા આપવી
- જામીન પ્રક્રિયામાં અને દયા અરજી સંબંધિત કાયદેસર મદદ કરવી

આ મહત્વપૂર્ણ નિર્ણયોથી જેલોમાં રહેલા બંદીવાન તથા તેમના પરિવારજનના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવશે અને તેમની ઉન્નતિના માર્ગો ખુલશે.

## ડિવિઝનલ રેલ્વે મેનેજરે ત્રિરંગો ફરકાવ્યો,ઉત્કૃષ્ટ રેલ્વે કર્મચારીઓનું સન્માન કર્યું

# અમદાવાદ ડિવિઝનમાં ૭૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ખૂબ જ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવી

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં ૭૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ખૂબ જ હર્ષોલ્લાસ અને ગૌરવ સાથે ઉજવવામાં આવી હતી. રેલવે મેનેજર ઓફિસ ખાતે અમદાવાદ પરિસરમાં આયોજિત મુખ્ય કાર્યક્રમમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને RPF અને સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની સંયુક્ત પરેડનું નિરીક્ષણ કર્યું અને સલામી લીધી. આ પ્રસંગે શ્રી વેદ પ્રકાશે પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાનો સ્વતંત્રતા દિવસનો સંદેશ વાંચ્યો અને સૌને શુભેચ્છા પાઠવી. આ દરમિયાન, અમદાવાદ ડિવિઝનમાં ચાલી રહેલા વિવિધ રેલ્વે પ્રોજેક્ટ્સ વિશે માહિતી આપતાં તેમણે કહ્યું કે હિંમતનગર-ખેડબ્રહ્મા રેલ્વે સેક્શનનું ગેજ કન્વર્ઝન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. જેનું તાજેતરમાં રેલ્વે સેફ્ટી કમિશનર દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે ભારતીય રેલ્વે દરરોજ ૨ કરોડથી વધુ લોકોને યાત્રા કરાવે છે, જે ઓસ્ટ્રેલિયાની વસ્તી કરતા પણ વધુ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં રેલ્વેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો થયો છે. મે ૨૦૨૫ માં માનનીય પ્રધાનમંત્રી દ્વારા ભારતીય રેલવેના ૧૦૩ પુનઃવિકસિત અમૃત સ્ટેશનોના રૂપમાં સમર્પિત કર્યા હતા. જેમાં પશ્ચિમ રેલ્વેના ૧૮નો સમાવેશ થાય છે, બાકીના ૬૯ સ્ટેશનોનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે.



આ દરમિયાન સ્વતંત્રતાનું પ્રતીક કરતા રંગબેરંગી ફુગ્ગાઓ આકાશમાં ઉડાડીને સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને ઈંદ્ઘ ડોગ સ્કવોડ દ્વારા સુરક્ષા કૌશલ્ય, વિસ્ફોટકો અને માદક દ્રવ્યોની ઓળખના ક્ષેત્રમાં કરવામાં આવતી કવાયતોનું જીવંત પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

સમારંભ દરમિયાન મંડળની સાંસ્કૃતિક ટીમ દ્વારા દેશભક્તિના ગીતો અને નૃત્યોની મનમોહક પ્રસ્તુતિઓ આપી હતી, જેનાથી વાતાવરણમાં દેશભક્તિનો સંચાર થયો હતો. નાના બાળકો દ્વારા ફેન્સી ડ્રેસમાં દેશભક્તિ પર આધારિત પ્રસ્તુતિઓ પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. સમારંભમાં ડિવિઝનલ રેલવે મેનેજર દ્વારા વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનારા ૫૫ થી વધુ રેલવે કર્મચારીઓને મેડલ અને પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, અમદાવાદના પ્રમુખ શ્રીમતી શેફાલી ગુપ્તાએ કેન્સરથી પીડિત રેલ્વે કર્મચારી શ્રી ઈશ્વર લાલ માલાકર, ટ્રેકમેન-ધ્રાંગધ્રા અને મનોજ કુમાર રાઠોડ, ઈન્દ્ઘ-૩, સાબરમતી ને વીસ-વીસ હજાર રૂપિયાની નાણાકીય સહાયતા પ્રદાન કરી હતી.

અમદાવાદ મંડળના અન્ય મુખ્ય સ્ટેશનો – અમદાવાદ, સાબરમતી, પાલનપુર, મહેસાણા, ગાંધીધામ સહીત વર્કશોપ અને ડેપો પર દેશભક્તિ પૂર્ણ વાતાવરણમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં મહિલા કલ્યાણ સંઘના સભ્યો, એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી લોકેશ કુમાર, શ્રીમતી મંજુ મીણા, ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિશક્તિ) શ્રી અનંત કુમાર, સિનિયર સિક્યુરિટી કમિશનર શ્રીમતી ભવપ્રીતા સોની સહિત મંડળના અન્ય અધિકારી અને મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી સિદ્ધાર્થે આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગરિમાપૂર્ણ માહોલમાં તિરંગાને સલામી આપી: મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં પોરબંદરના પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું

# મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ખાતે ૭૯માં સ્વતંત્રતા પર્વની રાજ્યકક્ષાની ગૌરવભેર ઉજવણી

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યના આધારે વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા એજન્ડા ફોર ૨૦૩૫

ગુજરાત પોલીસના જવાનોએ પ્રસ્તુત કરેલા અશ્વ શો, ડોગ શો, બાઈક શોના દિલધડક દ્રશ્યો નિહાળી લોકો રોમાંચિત થયા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૭૯મા સ્વાતંત્ર્ય પર્વે મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરમાં રાષ્ટ્રભક્તિમય માહોલમાં ધ્વજવંદન કરાવી તિરંગાને સલામી આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ૧૯૬૦માં ગુજરાતની અલગ રાજ્ય તરીકે સ્થાપના થઈ ત્યારથી શરૂ થયેલી વિકાસયાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૧મી સદીમાં નવી દિશા, નવી ઉર્જા અને વેગ મળ્યા છે, તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે રાજ્યના નાગરિકોને ૭૯મા સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓ પાઠવતા જાહેર કર્યું કે, વર્ષ ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થાય છે, ત્યાં સુધીમાં સર્વાંગી વિકાસ અને વધુ લોકાભિમુખ વહીવટના નવા આયામો સિદ્ધ કરવા 'સમૃદ્ધ રાજ્ય, સમર્થ નાગરિક'ના ધ્યેય સાથે 'એજન્ડા ફોર ૨૦૩૫' સરકાર લાવી રહી છે.

વડાપ્રધાનશ્રીએ આપેલ 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યના આધારે 'વિકસિત ગુજરાત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે આ 'એજન્ડા ૨૦૩૫' હોલ ઓફ ગવર્મેન્ટના અભિગમ સાથે દિશાસૂચક બનશે એમ પણ તેમણે સ્વતંત્રતા દિવસ અવસરે નાગરિક સંબોધનમાં ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ 'એજન્ડા ૨૦૩૫'ના ફ્રેમવર્કમાં રાજ્ય વ્યાપી આંતરમાળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવી, નાગરિકોને સામાજિક અને આર્થિક રીતે સક્ષમ કરવા ઉપરાંત આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઈનોવેશન આધારિત વિકાસ માટેની ઈકો સિસ્ટમ અને નવી ઉભરતી ટેકનોલોજીના ઉપયોગ માટે યુવા વર્ગને તૈયાર કરવા સહિતના પાસાઓને આવરી લેવાની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય શ્રમ–રોજગાર મંત્રીશ્રી ડૉ. મનસુખ માંડવીયા, ભાગવત કથાકાર સંત પૂજ્ય રમેશભાઈ ઓઝા, સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્ય શ્રી અર્જુન મોઢવાડિયા અને જિલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીસ બેન્ડની રાષ્ટ્રગીત સુરાવલી અને પરેડ સાથે આ ધ્વજવંદના કરાવી હતી. તેમણે આ અવસરે પોરબંદરને આંગણેથી રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ અને સમયબદ્ધ શહેરી વિકાસ આયોજનની મહત્વપૂર્ણ જાહેરાતો પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ શહેરોની સાથે ગામોના પણ વેલ પ્લાન્ડ ડેવલપમેન્ટ માટે 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' જાહેર કરતા જણાવ્યું કે જે ગ્રામ પંચાયતો તાલુકા મથક હોય અને નગરપાલિકામાં ભળી ન હોય તેવી ગ્રામ પંચાયતોનો સર્વાંગી વિકાસ કરીને તેને શહેરી તર્જ ઉપર વિકસાવવા અને ભૌતિક સુવિધાઓ ઊભી કરવા રૂપિયા ૧૦૦ કરોડની 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' લાવ્યા છીએ. મોટા ગામડાઓ શહેરોનો વિકલ્પ બને અને નાગરિકો શહેરો તરફથી આવા મોટા ગામો તરફ આવવા પ્રેરાય તેવો આ યોજનાઓનો હેતુ છે એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ આ નવી યોજનામાં ખાસ કરીને માળખાગત સુવિધાઓને લગતા કામો, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સોલાર સ્ટ્રીટ લાઈટ તથા આરોગ્ય સુખાકારી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના કામો સમાવિષ્ટ કરાશે તેમ જણાવ્યું હતું.

રાજ્યમાં આ વર્ષે ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ દરમિયાન નાના નગરોના સુઆયોજિત વિકાસ માટે ૧૦૦થી વધુ ટાઉન પ્લાનિંગ સ્કીમ અને એક લાખ સુધીની વસ્તી ધરાવતા ૫૫ નગરો માટે GIS આધારિત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની જાહેરાત મુખ્યમંત્રીશ્રીએ આ તકે કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે શહેરો હોય કે ગ્રામીણ વિસ્તાર, દરેક સુધી વિકાસ પહોંચે તેવી હોલીસ્ટિક ડેવલપમેન્ટની નેમથી સરકાર કાર્યરત છે. આ સંદર્ભમાં તેમણે ડબલ એન્જિન સરકારના બેવડા લાભ સાથે રાજ્યમાં વિવિધ ક્ષેત્રે થયેલા વિકાસ અને જનહિત યોજનાઓની સિદ્ધિઓની વિશદ છણાવટ કરી હતી. ગુજરાત આજે નેટ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ NSDPમાં વ્યક્તિ દીઠ રૂપિયા ૧.૯૬ લાખ સાથે દેશના મોટા રાજ્યોમાં અગ્રેસર છે તેનો ગૌરવ સહ ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ' માટે સ્વદેશી અને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા, ઉપયોગ કરવાની ભારપૂર્વક હિમાયત કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત માટે આપેલા કોલને સાકાર કરવા દરેક ક્ષેત્રે નિર્ભરતાથી પ્રભુત્વ તરફ આગળ વધી આત્મનિર્ભર થવા તેમણે આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ટીમ ગુજરાતે પણ વંચિત, ગરીબ, છેવાડાના અને અંત્યોદયને કેન્દ્રમાં રાખીને જ આવાસ, આહાર, આરોગ્ય, અભ્યાસ અને આર્થિક ઉન્નતિ માટેની અનેક યોજનાઓનું સફળ અમલીકરણ કર્યું છે.














પ્રધાનમંત્રી આવાસ યોજનામાં શહેરી અને ગ્રામીણ મળીને ૧૧ લાખ આવાસ, ૨.૯૦ કરોડ લોકોને આયુષ્માન આરોગ્ય કાર્ડ, ૩ કરોડ ૨૬ લાખ અંત્યોદય લોકોને વિનામૂલ્યે અનાજ જેવી સિદ્ધિઓ વર્ણવી હતી.

તેમણે ઉમેર્યુ કે, ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે બનેલી યોજનાઓનો લાભ ૧૦૦ ટકા તેમને મળે તે માટે સેચ્યુરેશન અપ્રોચ અને જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાન શરૂ કર્યા છે. આદિવાસીઓના સર્વગ્રાહી ઉત્કર્ષ માટે વનબંધુ કલ્યાણ યોજના - ૨માં આ વર્ષે ૩૦,૧૨૧ કરોડની માતબર ફાળવણી કરી છે.

અત્યાર સુધીમાં આદિજાતિના બાળકોના શિક્ષણ માટે ૪૩૦૦ કરોડથી વધુની શિષ્યવૃતિ સહાય આપી છે. તેની વિગતો તેમણે આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી વર્ષના સંદર્ભમાં આપી હતી. શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ એમ 'ગ્યાન' આધારિત ચાર સ્તંભોના સશક્તિકરણના અનેક આયામો રાજ્ય સરકારે ઉપાડ્યા છે.

---

આ ટ્રેનોના સ્ટોપેજથી ઊંઝાને મળ્યો દેશના મુખ્ય શહેરો સાથે સીધો રેલ સંપર્ક

# ઉંઝા સ્ટેશન પર અજમેર-મૈસુર એક્સપ્રેસ અને લાલગઢ-દાદર રાણકપુર એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજનો શુભારંભ

### માનનીય સાંસદ અને માનનીય ધારાસભ્યએ રેલવે અધિકારીઓ સાથે બ્રિજ સંખ્યા ૯૩૪, ૯૩૫ અને અંડરપાસ સંખ્યા ૯૩૪ Aનું કર્યુ નિરીક્ષણ

આજે ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ઊંઝા રેલવે સ્ટેશન પર ટ્રેન સંખ્યા ૧૬૨૦૯/૧૬૨૧૦ અજમેર-મૈસુર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ અને ટ્રેન સંખ્યા ૧૪૭૦૭/૧૪૭૦૮ લાલગઢ-દાદર રાણકપુર ડેઈલી એક્સપ્રેસના સ્ટોપેજનો શુભારંભ માનનીય સાંસદ (લોકસભા) શ્રીહરિભાઈ પટેલ અને માનનીય સાંસદ (રાજ્યસભા) શ્રી મયંક નાયક દ્વારા લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યું

આ પ્રસંગે માનનીય ધારાસભ્ય ઊંઝા શ્રી કિરીટકુમાર પટેલ, માનનીય ધારાસભ્ય મહેસાણા શ્રી મુકેશભાઈ પટેલ, માનનીય ધારાસભ્ય ખેરાલુ શ્રી સરદારભાઈ ચૌધરી, માનનીય ધારાસભ્ય કડી શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, માનનીય ધારાસભ્ય બેચરાજી શ્રી સુખાજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ-મહેસાણા, શ્રીમતી તૃષાબેન પટેલ, શ્રી ગિરીશ રાજગોર પ્રમુખ ગુજરાત નગર પાલિકા પરિષદ, નગરપાલિકા પ્રમુખ ઊંઝા શ્રીમતી જીજ્ઞાબેન પટેલ, શ્રી એસ.કે. પ્રજાપતિ કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણા, ડો. જૈસ્મીન જિલ્લા વિકાસ અધિકારી, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ, મંડળના અન્ય વરિષ્ઠ રેલ અધિકારીગણ તથા ઊંઝા ના પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ઊંઝા રેલ્વે સ્ટેશનને અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આધુનિક રીતે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યું છે, જેનો અંદાજિત ખર્ચ રૂ.૩૦.૦૨ કરોડ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશનની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પેસેન્જર સુવિધાઓને સુધારવા માટે કામ કરવામાં આવી રહ્યું છે. તેમાં સર્ક્યુલેટિંગ એરિયાનો વિસ્તાર, પ્લેટફોર્મ પર નવા કવર્ડ શેડનું બાંધકામ, પ્લેટફોર્મની સપાટી, સ્વચ્છ અને વિકલાંગ મૈત્રીપૂર્ણ શૌચાલય બ્લોક્સ, સુરક્ષા માટે બાઉન્ડ્રી વોલનું નિર્માણ અને મુસાફરોની સુવિધા માટે ૬ મીટર પહોળો અને ૮૬ મીટર લાંબો ફુટ ઓવર બ્રિજ (એફઓબી)



નું નિર્માણ સામેલ છે.

ઊંઝાથી પહેલી વાર બેંગલુરુ લગભગ ૧૭૪૦ કિમી અને મૈસુર લગભગ ૧૮૮૦ કિમી ની સીધી રેલ કનેક્ટિવિટી થઈ જશે. ઊંઝા સ્ટેશન પર અત્યાર સુધી ૨૬ટ્રેનો ઉભી રહે છે જે વધીને ૩૦ થશે. આ બે ટ્રેનોના સ્ટોપેજ થી, ઊંઝા અને આસપાસના મુસાફરોને દેશના પ્રમુખ શહેરો અજમેર, જયપુર, અમદાવાદ, પુણે, બેંગલુરુ, મૈસુર, દાદર અને લાલગઢથી સીધી અને સુવિધાજનક રેલ કનેક્ટિવિટી મળશે.

ઊંઝાથી હવે અજમેર, મૈસુર, મુંબઈ જેવા મુખ્ય શહેરો સાથે સીધી રેલ કનેક્ટિવિટી સ્થાપિત થશે. આનાથી ન માત્ર વ્યવસાયિક મુસાફરી સુવિધાજનક બનશે પરંતુ યાત્રાધામ અને ધાર્મિક પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. અજમેર શરીફ, મૈસુરના મંદિરો અને મુંબઈના ધાર્મિક સ્થળો હવે ઊંઝાના નાગરિકો માટે સુલભ બનશે.

ઊંઝા સ્ટેશન પર આ નવી ટ્રેનોના સ્ટોપેજનો નિર્ણય સ્થાનિક નાગરિકો માટે અત્યંત લાભકારી સાબિત થશે. આ નિર્ણયથી ન માત્ર મુસાફરોની સુવિધામાં વધારો થશે પરંતુ આ ક્ષેત્રના સામાજિક, આર્થિક અને વ્યવસાયિક વિકાસને પણ વેગ મળશે. હવે ઊંઝા અને આસપાસના વિસ્તારોના મુસાફરોને લાંબા અંતરની મુસાફરી માટે અમદાવાદ, મહેસાણા કે અન્ય મોટા સ્ટેશનો પર જવું પડશે નહીં. આનાથી મુસાફરીમાં લાગતો વધારાનો સમય બચશે અને પરિવહન પર થતો ખર્ચ પણ ઘટશે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે આ એક બહુજ મોટી સુવિધા હશે. ઊંઝા એક પ્રમુખ કૃષિ કેન્દ્ર છે, જ્યાં મસાલા મંડી અને અન્ય કૃષિ ઉત્પાદનો માટેનું વિશાળ બજાર છે. ટ્રેનના સ્ટોપેજને કારણે નાના વેપારીઓ અને ખેડૂતો તેમના માલની હેરફેર કરી શકશે અને વ્યાપારિક પ્રવૃતિઓ સરળતાથી કરી શકશે. આનાથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને બજારની પહોંચ અન્ય રાજ્યો અને શહેરો સુધી થઈ શકશે. ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અથવા કોચિંગ માટે મોટા શહેરોની મુસાફરી કરે છે. ટ્રેનના સ્ટોપેજ તેમને સુલભ, સુરક્ષિત અને સસ્તી મુસાફરીના વિકલ્પો મળશે, જેનાથી તેમના શૈક્ષણિક વ્યવસાયોને પ્રોત્સાહન મળશે .

ઊંઝા સ્ટેશન પર ટ્રેનોના સ્ટોપેજની આ સુવિધા માત્ર એક પરિવહન સુવિધા નથી પરંતુ આ પ્રદેશના સર્વાંગી વિકાસ તરફ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. તે સ્થાનિક જનતા માટે ગર્વ અને સંતોષની વાત છે, જે આગામી વર્ષોમાં આ નિર્ણયના દૂરગામી ફાયદાઓનો અનુભવ કરશે.

માનનીય સાંસદ શ્રી હરિભાઈ પટેલ અને માનનીય ધારાસભ્ય શ્રી કિરીટકુમાર પટેલ સાથે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ અને રેલવે અધિકારીઓએ બ્રિજ સંખ્યા ૯૩૪, ૯૩૫ અને અંડરપાસ નંબર ૯૩૪ Aનું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને જરૂરી સુધારાત્મક પગલાંઓ પર વિચાર કરવામાં આવ્યો હતો.

ટ્રેન સંખ્યા ૧૪૭૦૮/૧૪૭૦૭ દાદર-લાલગઢ રાણકપુર એક્સપ્રેસ અને ટ્રેન સંખ્યા ૧૬૨૦૯/૧૬૨૧૦ અજમેર-મૈસૂર એક્સપ્રેસને ઊંઝા સ્ટેશન પર વધારાના સ્ટોપેજની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૫ થી દાદરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૪૭૦૮ દાદર-લાલગઢ રાણકપુર એક્સપ્રેસને ઉંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ૨૩.૫૧ વાગ્યેઊંઝા સ્ટેશને પહોંચશે અને ૨૩.૫૩ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૫થી લાલગઢથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૪૭૦૭ લાલગઢ-દાદર રાણકપુર એક્સપ્રેસને પણ ઊંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ૨૦.૧૫ વાગ્યે ઊંઝા સ્ટેશને પહોંચશે અને ૨૦.૧૭ વાગ્યે ઉપડશે.

૨. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫થી અજમેરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૬૨૦૯ અજમેર-મૈસુર એક્સપ્રેસને ઊંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ૧૨.૦૨ વાગ્યે ઊંઝા સ્ટેશન પહોંચશે અને ૧૨.૦૪ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ થી મૈસુરથી ઉપડતી ટ્રેન સંખ્યા ૧૬૨૧૦ મૈસૂર-અજમેર એક્સપ્રેસને ઊંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ઊંઝા સ્ટેશને ૦૭.૧૦ વાગ્યે પહોંચશે અને ૦૭.૧૨ વાગ્યે ઉપડશે. ટ્રેનો અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry.indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

---

# કોંગ્રેસે ૪ રાજયો માટે નિરીક્ષકોની કરી નિમણુંક : ગુજરાતના ૧૦ થી વધુ નેતાઓને સોંપાઈ જવાબદારી

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસ અધ્યક્ષ દ્વારા સંગઠન સૃજન અભિયાન અંતર્ગત દેશના ૪ રાજયો માટે કુલ ૧૦૫ નિરીક્ષકોની યાદી જાહેર કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણયમાં ગુજરાત કોંગ્રેસના ૧૨ થી વધુ નેતાઓને પણ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિરીક્ષકો તાત્કાલીક અસરથી સંબંધીત રાજયોમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ (ડીસીસી) ના પ્રમુખોની પસંદગી પ્રક્રિયામાં ભાગ લેશે.



કોંગ્રેસે ૪ રાજયો માટે એઆઈસીસી નિરીક્ષકોની નિમણુંક કરી હતી. ગુજરાતના ૧૦ થી વધુ નેતાઓને જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેમાં ભરતસિંહ સોલંકી, શકિતસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર અને અમીબેન યાજ્ઞિકની નિમણુંક કરવામાં આવી છે. તે સિવાય હિંમતસિંહ પટેલ, લાલજીભાઈ દેસાઈ, ઈમરાન ખેડાવાલાને પણ જવાબદારી સોંપવામાં આવી છે. તમામ નેતાઓ પંજાબ, ઉત્તરાખંડ, ઝારખંડ અને ઓરીસ્સામાં જવાબદારી નિભાવશે. ભરતસિંહ સોલંકી અને લાલજી દેસાઈને પંજાબની જવાબદારી સોંપવામાં આવી છે. ઉત્તરાખંડમાં જગદીશ ઠાકોર, શકિતસિંહ ગોહિલ, શૈલેષ પરમાર, હિંમતસિંહ પટેલ અને અમૃત ઠાકોરને જવાબદારી સોંપાઈ છે, ઈમરાન ખેડાવાલા, અમી યાજ્ઞિક અને આનંદ પટેલને ઝારખંડની જવાબદારી સોંપવામાં આવી છે. ઓડીસા માટે બિમલ શાહનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ દ્વારા સ્થાનિક સ્તરે સંગઠનને મજબુત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજયના નેતાઓને રાષ્ટ્રીય કક્ષાએ મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ નિમણુંકમાં ગુજરાતના ૧૦ થી વધુ નેતાઓને સ્થાન મળ્યુ છે, જેમાં ભરતસિંહ સોલંકી, શકિતસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, અમિ યાજ્ઞિક, હિંમતસિંહ પટેલ, લાલજીભાઈ દેસાઈ, અનંતભાઈ પટેલ, હિંમતસિંહભાઈ પટેલ , અમૃતજી ઠાકોર, ઈમરાન ખેડાવાલા, બિમલભાઈ શાહ અને પલક વર્માનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. પંજાબ માટે કુલ ૨૯ નિરીક્ષકોની યાદી તૈયાર કરાઈ છે જેમાં ગુજરાતના બે નેતા ભરતસિંહ સોલંકી અને લાલજીભાઈ દેસાઈનો સમાવેશ થાય છે જયારે ઉત્તરાખંડ માટે કુલ ૨૬ નિરીક્ષકોની યાદી તૈયાર કરાઈ છે. જેમાં જગદીશ ઠાકોર, શકિતસિહ ગોહિલ, શૈલેષ પરમાર, હિંમતસિંહ પટેલ અને અમૃત ઠાકોર સહિત ગુજરાતના ૫ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે.

---

# ભેંસાણમાં ગોપાલ ઈટાલીયાનો નવો તાયફો: જન્માષ્ટમીની શોભાયાત્રામાં ફોડી મટકી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને ગોપાલ ઈટાલીયા વિસાવદરમાં જીત્યા બાદ સતત ચર્ચામાં રહે છે, વિસાવદરના ધારાસભ્ય બન્યા બાદ ગોપાલ ઈટાલીયા સતત એકટીવ જોવા મળે છે. વિસાવદરની સમસ્યાઓ હોય કે પછી કોઈ રાજકીય મુદ્દો દરેક મુદ્દે તે પ્રતિક્રિયા આપતા હોય છે. અને હવે તો ગોપાલ ઈટાલીયા અલગ અલગ રંગરૂપમાં જોવા મળતા હોય છે. પહેલા આહિરના પરંપરાગત વેશમાં તેઓ જોવા મળ્યા હતા અને હવે તેમણે ભેંસાણના રાણપુર ગામમાં જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડનો કાર્યક્રમ યોજાયો હતો અને તેમાં તેમણે કૃષ્ણ બનીને જાણે મટકી ફોડી હતી. ભેંસાણ તાલુકાના રાણપુર ગામે જન્માષ્ટમી નિમિત્તે શોભાયાત્રા



કાઢવામાં આવી હતી , આ શોભાયાત્રા રાણપુરના રામમંદિર ચોરાથી લઈ મેઈન રોડ અને પ્લોટ વિસ્તારમાં શોભાયાત્રાના દર્શન કરવા માટે લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, આ જ કાર્યક્રમમાં ગોપાલ ઈટાલીયાએ મટકી ફોડી હતી એટલે ગોપાલ ઈટાલીયા ધારાસભ્ય બન્યા બાદ નવા નવા ધાર્મિક કાર્યક્રમોમાં ફરતા જોવા મળે છે.

---

રાજ્યપાલશ્રીએ રાજભવન પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું

# ૭૯માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિસરમાં કર્યું ધ્વજારોહણ



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ૭૯માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાજભવન પરિસરમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત તમામને સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવીને તેમનું અભિવાદન જીલ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ રાજભવન પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્માએ પણ વૃક્ષારોપણ કર્યું હતું.

---

# ગોંડલમાં ધોધમાર વરસાદે લોકમેળાની મજા બગાડી: મેળાના ગ્રાઉન્ડમાં પાણી ભરાતા રાઈડ્સ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ

ગોંડલમાં સતત ત્રીજા દિવસે ધોધમાર વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયું છે. શહેરમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે, જેના કારણે ગોંડલનો લોકમેળો પણ પ્રભાવિત થયો છે.

મેળાના ગ્રાઉન્ડમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતા રાઈડ્સ બંધ કરવાની ફરજ પડી છે, જેથી મેળાની મજા માણવા આવેલા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

વાવણી બાદ પ્રથમવાર ગોંડલમાં આટલો ધોધમાર વરસાદ થયો છે. સતત વરસતા વરસાદને કારણે મેળાના ગ્રાઉન્ડમાં કાદવ અને પાણીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. મેળાનું સંચાલન કરતા સંચાલકોને પણ ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વરસાદને કારણે મેળામાં આવતા લોકોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળ્યો છે.હવામાન વિભાગની આગાહી મુજબ, હજુ પણ ગોંડલ અને આસપાસના વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. વરસાદના કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ છે, પરંતુ મેળાના આયોજકો અને મુલાકાતીઓ માટે તે મુશ્કેલીરૂપ સાબિત થયો છે.

---

# જંબુસર, ભરૂચ તથા અંકલેશ્વરમાં જુગાર રમતા ૨૫થી વધુ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

જંબુસર, ભરૂચ તથા અંકલેશ્વર ખાતે પોલીસે અલગ અલગ સ્થળોએ દરોડા પાડી જુગાર રમી રહેલ ૨૫ જુગારીઓને ઝડપી પાડી રૂ. ૬.૦૫ લાખ ઉપરાંતની મત્તા જપ્ત કરી તમામની જુગારધારા હેઠળ અટકાયત કરી હતી.પ્રાપ્ત માહિતી મુજબ એલસીબીએ ગઈકાલે બપોરે ગડખોલ પાટિયા નજીક આવેલા ડી.જી. નગર સોસાયટીના મકાનમાં દરોડો પાડી જુગાર રમી રહેલ નવ શખ્સોને ઝડપી પાડ્યા હતા. જેમાં કિરીટ ફળદુ, હિતેશ દાવડા, હસમુખ છાયા, કનુ રોહિત, મહેશ પરમાર, જમન બુટાણી, હરસુખ ફળદુ , વિપુલ ભંડેરી અને કિશોર પાટીલ (તમામ રહે- અંકલેશ્વર )નો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી રોકડ રૂ.૧,૦૩,૩૬૦ , ૮ નંગ મોબાઈલ ફોન, એક કાર તથા ત્રણ ટુ વ્હીલર સહિત કુલ રૂ. ૪,૨૮,૮૬૦નો મુદ્દામાલ જપ્ત કરી અંકલેશ્વર સીટી બી ડિવિઝન પોલીસે આરોપીઓની જુગારધારા હેઠળ અટકાયત કરી હતી.


**પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ**

ઇ-ટેન્ડર સૂચના નં. Sr. DEE/TR/ADI/17(2025-26) તારીખ 14.08.2025

ICD (D CABIN END) ના શન્ટિંગ નેકની કનેક્ટિવિટી પૂરી પાડવા માટે જોડાણમાં OHE ફેરફાર

ટેન્ડર નંબર: TRD-ADI-T-11-2025-26

કાર્યનું નામ: બોટાદ મુખ્ય લાઇન સાથે ICD (D CABIN END) ના શન્ટિંગ નેકને કનેક્ટિવિટી પૂરી પાડવા તેમજ સ્ટેબલિંગ લાઇનના વીજળીકરણ માટે OHE માં ફેરફાર.

| | |
|---|---|
| અંદાજિત કિંમત:₹2,87,61,806/- | બાનાની રકમ: ₹2,93,800/- |

સબમિશનની તારીખ અને સમય: તા. 11.09.2025 ના 15:00 કલાક પછી નહીં.

ખુલવાની તારીખ અને સમય: તા. 11.09.2025 બપોરે 15.30 કલાકે.

ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, D.R.M. ઓફિસ (WR), ચામુંડા પુલ પાસે; G.C.S. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345.

વેબસાઇટની વિગતો: www.ireps.gov.in ADI 140

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# પ્રાંતિજ ખાતે આરોગ્ય મંત્રી ઋષીકેશ પટેલની અધ્યક્ષતામાં ૭૯માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરાઈ: સાંસ્કૃતિક કાર્યક્રમો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયા

### મંત્રીના હસ્તે તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરાયોઃ વિકાસ વાટીકા ૨૦૨૪-૨૫ પુસ્તકનુ મંત્રીના હસ્તે વિમોચન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા કક્ષાનો ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્રતા પર્વ આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રી ઋષીકેશ પટેલની અધ્યક્ષતામાં અવર ઓન હાઈસ્કુલ ખાતે હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો હતો. મંત્રીના વરદ હસ્તે ધ્વજવંદન કરાયુ હતું. તેમજ પરેડનુ નિરીક્ષણ કરી સલામી ઝીલી જીલ્લા વાસીઓને સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી,

મંત્રીએ આ અવસરે જણાવ્યુ હતુ કે આઝાદીના અમૃતકાળમાં ગુજરાત બમણી ગતિથી વિકાસ કરી રહ્યો છે જ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાનો સંકલ્પ છે. જેના માટે સ્ટાર્ટઅપ પોલીસી, ગુજરાતના સંતુલીત વિકાસ પર ભાર મુકયો છે. આ માટે નારી શકિતની ભાગીદારી વધારવા અનેક યોજનાઓ અમલી છે. વર્ષ ૨૦૨૫ થી ૨૦૩૫ સુધીનો દાયકો હિરક વરસ છે, વધુમાં મંત્રીએ કહ્યુ હતુ કે ૧૨ જુન ૨૦૨૫ એ અમદાવાદ વિમાન દુર્ઘટના ખુબ દુઃખદ ઘટના હતી, આ સમયે વહિવટી તંત્ર દ્વારા, ડોકટરો, મેડીકલ ટીમો દ્વારા ખુબ જ પ્રશસંનીય કામગીરી કરવામાં આવી હતી જેને આ પ્રસંગે બિરદાવી હતી. તેમજ ગુજરાત રાજયમાં અંગ પ્રત્યારોપણ કામગીરી અંગે જાણકારી આપતા મંત્રીએ કહ્યુ કે ૨૦૨૧ થી અત્યાર સુધીમાં ૬૫૭ વ્યકિત દ્વારા ૨૦૩૯ અંગ દાનમાં મળ્યા જેના કારણે અનેક લોકોના જીવન બચાવી શકાયા છે, આ સાથે મેદસ્વિતા અભિયાન, યોગ પ્રાણાયામ ને જીવનનો ભાગ બનાવવા અપીલ રી હતી. આ પ્રસંગે મેડીકલ કોલેજ હિંમતનગરમાં ઉપલબ્ધ સુવિધા અંગે વિગત આપી સરકાર દ્વારા નાગરીકોના આરોગ્યની લેવાતી કાળજી, શિક્ષણ માટે નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન યોજનાઓ અંગે જાણકારી આપી હતી, ખેડુતો, યુવાનો અને મહિલાઓને લગતી યોજના તેમજ પ્રવાસન સ્થળના વિકાસ અંગે જાણકારી આપી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની નિશ્રામાં ગુજરાતમાં દેશ દિશાઓમાં વિકાસના કાર્યો થઈ રહ્યા છે, જે રાજયની વિકાસની સીમાને વધુ ઉપર લઈ જશે તેવુ તેમણે કહ્યુ હતું.

મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આધુનિક સમાજ વિકાસના નિર્માણમાં મહિલાઓની ભાગીદારી વધારવા જણાવ્યુ હતું. સાબરકાંઠા જીલ્લાની વાત કરતા વિજયનગર પાલ દઢવાવની ખાંભી, સૈનિકોના ગામ કોડીયાવાડા, જિલ્લાના ખેડુતો કિંતિમાનનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે દેશભકિતનો ભાવ પ્રગટ કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયા હતા. મંત્રીના હસ્તો વિશિષ્ટ વ્યકિતઓનુ સન્માન તેમજ સાબરકાંઠા જિલ્લાના વિકાસની ગાથા રજુ કરતા પુસ્તક વિકાસ વાટીકાનુ વિમોચન કર્યુ હતું. વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ તેમજ



તાલુકા વિકાસ માટે રૂપીયા ૨૫ લાખનો ચેક અર્પણ કરાયો હતો. આ સ્વતંત્રતા પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ, સાંસદ, હિંમતનગર ધારાસભ્ય, પ્રાંતિજ ધારાસભ્ય, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસવડા, પૂર્વ શિક્ષણમંત્રી, જિલ્લા ભાજપ પ્રમુખ, સહિત વિવિધ અમલીકરણ અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ અમિત ચાવડાએ ધ્વજવંદન કર્યુઃ સ્વતંત્રતા દિવસની આપી શુભેચ્છાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આઝાદીના ૭૯ વરસની ઉજવણીના ભાગરૂપે રાજીવગાંધી ભવન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પટાંગણમાં ધ્વજવંદન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે રાજીવગાંધી ભવન કોંગ્રેસ કાર્યાલયના પટાંગણમાં કોંગ્રેસ પરીવારના તમામ વરીષ્ઠ આગેવાનો, પરીવારના સૌ સાથીઓ અને ઉપસ્થિત સૌના માધ્યમથી દેશના સ્વતંત્રત દિવસની દેશવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા આપીએ છીએ.



ગુજરાત એ ગાંધી-સરદારની પવિત્ર અને ઐતિહાસિક ભુમિ છે. જયાંથી વરસો પહેલા અંગ્રેજોના જોર જુલમ અને અત્યાચાર અને ગુલામીની સ્થિતિ હતી. તેની સામે એક મજબુત અવાજ ઉભો થયો હતો અને સાથે સાથે દેશની આઝાદીની લડાઈનુ નેતૃત્વ પણ આ સપુતોએ આપ્યુ છે. આપણા વળવાઓ અને સ્વતંત્ર સેનાનીઓએ દેશની આઝાદી માટે વરસો સુધી સંઘર્ષ કર્યો , કારાવાસની ચિંતા કર્યા વિના, પરવા કર્યા વિના, પોતાનુ સર્વસ્વ બલીદાન આપીને આપણને મહામુલી આઝાદી અપાવી છે. અંગ્રેજોની આર્થિક ગુલામી સામે ગાંધીજીએ જયારે દાંડીકુચ ની શરૂઆત કરી હતી ત્યારે આજે આ ગુજરાત અને દેશમાં અનેક પડકારો સામાજિક અસામનતા ઉભી થઈ છે. આર્થિક આ અસમાનતાઓ છે કુપોષણ સામે લડવાની પણ શરૂઆત કરવી પડશે, બેરોજગારી મોટો પ્રશ્ન છે, ભ્રષ્ટાચાર મોટો પ્રશ્ન છે, આ બધાજ મુદ્દાઓ ઉપર પ્રજાલક્ષી લડાઈનુ નેતૃત્વ જેમ ભુતકાળમાં પણ કોંગ્રેસે કર્યુ હતુ, ભુતકાળમાં જે લડાઈ માટેનો જજબો હતો અને નિર્ભયતા હતી અને કમિટમેન્ટ હતુ કે પરીણામની ચિંતા કર્યા સિવાય એક ધ્યેય સાથે આઝાદીની લડાઈની શરૂઆત કરી હતી અને આઝાદી મેળવી હતી. દાંડીકુચની શરૂઆત વખતે જયારે કહેવાતુ હતુ કે આશ્રમની બહાર નિકળીશુ તો અંગ્રેજોની ગોળીઓ અને લાઠીઓ સામે છે, કારાવાસ છે, જેનામાં લડવા માટેનો જજબો હોય, જેનામાં દેશની આઝાદી માટે મરી કુટવાની તૈયારી હોય તેવા લોકો આ લડાઈમાં જોડાજો, શરૂઆત થોડા લોકોથી થઈ હતી પણ જેમ જેમ આગળ વધ્યા આખા દેશના લોકો એમા જોડાયા,

આપ સૌના માધ્યમથી ગુજરાતમાં પણ જે પરીસ્થિતિ છે, અત્યારે ભય, ભુખ અને ભ્રષ્ટાચાર સામે લડવા માટે લોકો કોંગ્રેસ તરફ મીટ માંડીને બેઠા છે, અને આજના સમયના પરીપેક્ષમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ લોકોની વચ્ચે જઈને બીજી આઝાદીની લડાઈ શરૂ કરવાનો સંકલ્પ આજના દિવસે લઈને આપણે કુપોષણ સામે લડવાનુ છે. ભ્રષ્ટાચાર સામે લડવાનુ છે, આપણે બેરોજગારી સામે લડવાનુ છે, જે તાનાશાહી, અન્યાય અને ભેદભાવની જે નીતી છે તેની સામે લડવાનુ છે, હું માનુ છુ કે આ લડાઈ કોઈ કાચા મનના લોકો નહી લડી શકે, આ લડાઈ લડવા માટે પણ જે સ્વતંત્ર સેનાનીઓના મનમાં જે જજબો હતો જે મરી ફીટવાની તૈયારી હતી તે જ તૈયારી સાથે નિકળીશુ તો આવનારા દિવસોમાં આખુ ગુજરાત પણ આ લડાઈમાં તૈયાર છે. ફરીએકવાર ગુજરાત અને તમામ દેશવાસીઓને સ્વતંત્ર દિવસની શુભેચ્છા પાઠવુ છે અને જે કોંગ્રેસની વિચારધારા છે કે જે સર્વજાતિ, સર્વ સમાજ, કોઈપણ જાતિ, ધર્મ, ભાષા, પ્રાંતના ભેદભાવ વગર તમામ લોકો આ દેશના વાસીઓ છે, તમામ લોકો માટે કોગ્રેસ છે. કોંગ્રેસ તમામ લોકો-સમાજને સાથે રાખીને આગળ વધશે અને તમામના વિકાસ માટે કામ કરવા માંગે છે. એ જ વિચારધારાને આપણે જન જન સુધી લઈ જઈએ, અત્યારે જે પડકારો ઉભા થયા છે, આઝાદી સામે ખતરો છે. ખાલી દેશની આઝાદી નહી પરંતુ એક એક વ્યકિતની આઝાદી કે જેમને બોલવાની આઝાદી હોય, લખવાની આઝાદી હોય, તેના આચાર વિચારની આઝાદી હોય, અભિવ્યકિતની આઝાદી હોય આ બધા સામે ખતરો ઉભો થયો છે.

એથી પણ મોટો ખતરો આ દેશની લોકશાહી સામે અને વોટ ચોરીના નામે થયો છે, હું માનુ છુ કે આ પરીપેક્ષમાં પણ આ મુદ્દાઓ સહિતની લડાઈ અને આ દેશના લોકોની આઝાદી બરકરાર રાખવા સંવિધાન અને લોકશાહી સર્વોપરી રહે તેવો સ્વાતંત્ર્ય દિવસે આપણે સૌ સંકલ્પ લઈએ છીએ.

# અમદાવાદના જશોદાનગરમાં ડીમોલીશનના વિરોધ દરમિયાન આત્મ વિલોપનનો પ્રયાસ કરનાર મહિલાનુ મોત

### વટવા જીઆઈડીસી પોલીસે આત્મહત્યા કેસમાં કોર્પોરેશનના કર્મચારીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધ્યોઃ તેજસ મકવાણા અને હાર્દિક પટેલ વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના જશોદાનગરમાં ડીમોલીશનના વિરોધ દરમિયાન આત્મ વિલોપનનો પ્રયાસ કરનાર મહિલાનુ મોત થયુ હતુ, ડીમોલીશનના વિરોધમાં આત્મ વિલોપનનો પ્રયાસ કર્યો હતો. શનિવારે મહિલાનુ એલ જી હોસ્પીટલમાં સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. આત્મ વિલોપનના પ્રયાસમાં મહિલા ગંભીર રીતે દાઝી હતી, મહિલાનુ મોત થતા પરીવારજનોએ રીતસર હોબાળો મચાવ્યો હતો,

અમદાવાદના ઘોડાસરમાં ડીમોલીશન દરમિયાન બોલાચાલી થઈ હતી, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના કર્મચારી અને સ્થાનિકો વચ્ચે બોલાચાલી થતા મામલો બગડયો હતો, ડીમોલીશન દરમિયાન એક મહિલાએ આત્મ વિલોપનનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ શરીર ઉપર કેરોસીન છાંટી આગ લગાવી દીધી હતી, સ્થાનિકોએ કોર્પોરેશનની ગાડી પર પથ્થરમારો કર્યો હતો, આત્મ વિલોપનનો પ્રયાસ કરનાર મહિલા ગંભીર રીત દાઝી જતા તેમને સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન ગઈ કાલે શનિવારે સાંજે તેમનુ મોત



થયુ હતું. આ બનાવમાં પોલીસે જાણવાજોગ ફરીયાદ લીધી હતી, આ ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોએ દુકાનો બંધ કરીને વિરોધ કર્યો હતો, મામલો વધુ ન વણસે તે માટે પોલીસ કાફલો ગોઠવી દેવામાં આવ્યો હતો, ઘોડાસરમાં ગેરકાયદે મકાનો અને દુકાનો તોડવાની કામગીરી કરવામાં આવી રહી છે, કોર્પોરેશનના કર્મચારી અને સ્થાનિકો વચ્ચે બોલાચાલી થતા મામલો બગડયો હતો. જેમાં જશોદાનગરમાં ડીમોલીશનના વિરોધ દરમિયાન આત્મ વિલોપનનો પ્રયાસ કરનાર મહિલાનુ મોત નિપજયુ હતું. અમદાવાદના જશોદાનગર વિસ્તારમાં સ્વતંત્રતા દિવસના અગાઉ એક દુઃખદ ઘટના બની હતી જેમાં ૩૬ વર્ષીય મહિલા નર્મદા કુમાવતે કોર્પોરેશન ની દબાણ દુર કરવાની કામગીરી દરમિયાન પોતાની દુકાનના ડીમોલીશનના વિરોધમાં આગચંપી (સ્વયંદાહ) કરીને આત્મ વિલોપન કરી હતી, આ ઘટનામાં તેમને ૮૦ ટકા બળેલી હાલતમાં એલજી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયુ હતું. આ બનવાને પગલે મૃતકના પતિ રમેશ કુમાવતે કોર્પોરેશન એસ્ટેટ વિભાગના કર્મચારીઓ તેજસ મકવાણા અને હાર્દિક પટેલ વિરૂધ્ધ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. જેમાં બળજબરી પૂર્વક દુકાન ખાલી કરાવવાનો અને આત્મહત્યા માટે પ્રેરણા આપવાનો આરોપ મુકવામાં આવ્યો છે.

# ભાજપના નેતાનુ ઈલુ ઈલુ : ગામવાળાએ રંગે હાથ પકડીને વિડીયો કર્યો વાયરલ : નેતાજી ચાદર ઓઢીને ભાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના સાધી ગામમાં એક ચોંકાવનારી ઘટના બનવા પામી હતી જેનો વિડીયો સોશીયલ મીડીયા પુરજોશમાં વાયરલ થયો હતો, મોડી રાત્રે ગામના ખાનગી કલીનીકમાં તસ્કરો આવ્યા હોવાની આશંકાથી ગ્રામજનો એકઠા થયા હતા આથી ગામલોકોએ પોલીસને બોલાવી હતી. પરંતુ તસ્કરોની હાજરીની પુષ્ટી ન થતાં પોલીસ પરત ચાલી ગઈ હતી જો કે સ્થાનિકોની ઉત્સુકતા વધતા તેઓ મોડી રાત સુધી કલીનીક ની બહાર ફીલ્ડીંગ કરતા રહ્યા હતા.



આખરે માથાથી પગ સુધી ચાદરમાં લપેટાયેલો એક શખ્સ બહાર આવ્યો હતો. સ્થાનિકોએ મહેનતથી ચાદર હટાવતા તેની ઓળખ સહકારી ક્ષેત્રના અગ્રણી અને એપીએમસીના પૂર્વ ચેરમેન ભાસ્કર પટેલ તરીકે થઈ હતી, જેઓ એક મહિલા મિત્રને મળવા આવ્યા હોવાની વાત બહાર આવી હતી. ગામમાં ચોરી અથવા અજાણ્યા શખ્સોના પ્રવેસને લઈને લોકો જાગૃત રહે છે, કોઈ સંદિગ્ધ પ્રવૃત્તિ જોવા મળે તો તુરંત પોલીસને જાણ અને પોતે ચોકીદારી કરવાનુ કામ સ્થાનિકો કરે છે, આ કિસ્સામાં પણ કલીનીકમાં અંધારામાં શખ્સનો પ્રવેશ ધ્યાને આવતા ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. ચેક કરીને પોલીસ તો ચાલી ગઈ પણ સ્થાનિકોને જાણે આ નેતાનો ભાંડો ફોડવો જ હોય તે રીતે મીટ માંડીને બેસી રહ્યા હતા.

ત્યાં તો થોડી જ વારમાં ચાદરમાં લપેટાયેલો એક શખ્સ બહાર આવ્યો હતો. આ જોતા જ ગ્રામજનો તેનો પીછો કરી દોડી ગયા અને તેને પકડી સીધો કર્યો હતો. આ સાથે જ તેના મોઢા પરથી ચાદર હટાવવાની કોશિષ કરવામાં આવતા તે ઉંચી કરી શકયા નહી. જો કે વધુ એક વખત પ્રયાસ કરવામાં આવતા જ મોટો ચહેરો સામે આવી ગયો હતો. આ વ્યકિત બીજુ કોઈ નહી પણ ભાજપના દિગ્ગજ નેતા અને એપીએમસીના પૂર્વ ચેરમેન ભાસ્કર પટેલ હતા. આ વિડીયો ને ગરવી ગુજરાત પુષ્ટી કરતુ નથી.

# ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે સ્વતંત્ર દિવસનો કાર્યક્રમ ઉજવાયો : મહામંત્રી રજની પટેલના હસ્તે ધ્વજ વંદન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ નિમિત્તે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ મહામંત્રી રજની પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રજની પટેલે સંબોધન કરતા જણાવ્યુ હતુ કે દેશનો પ્રત્યેક નાગરીક આજે તિરંગાની આન,બાન અને શાન સાથે સ્વતંત્ર પર્વને ખુબ ઉત્સાહ થી ઉજવી રહ્યો છે ત્યારે સ્વાતંત્ર્ય પર્વની અનેક શુભકામનાઓ. મા ભારતી જયારે ગુલામીની જંજીરમાં જકડાયેલા હતા ત્યારે આ દેશને આઝાદ કરવા માટે



અનેક સ્વાતંત્ર વીરોએ, સેનાનીઓ, નવ યુવાનોએ પોતાના પ્રાણોની આહુતી આપીને આ દેશને આઝાદ કરાવ્યો છે. તેવા તમામ શહીદોને આજે નતમસ્તક વંદન અને પ્રણામ, દેશનો જવાન દેશની સીમાઓની સુરક્ષા માટે રાત દિવસ, તાપ, તડકો કે ઠંડીને અવગણીને ખડેપગે મા ભારતીની રક્ષા કરે છે, તેવા તમામ સૈનિકોને સો સો સલામ, સૈનિકોનુ પરાક્રમ આપણે સૌ જોઈ રહ્યા છીએ, ત્યારે ઓપરેશન સિંદુર થકી સમગ્ર વિશ્વને આ દેશની શકિતનો પરચો અપાવનાર તમામ સૈનિકોને સો સો સલામ, દેશમાં સુરક્ષાનુ અપ્રતિમ કાર્ય દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના સુશાસનમાં થઈ રહ્યુ છે. તે બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. રજની પટેલે વધુમાં જણાવ્યુ હતુ કે નવા ભારતના સંકલ્પ સાથે આ દેશનુ સુકાન જયારે નરેન્દ્રભાઈ મોદી સાહેબે સંભાળ્યુ ત્યારથી આત્મનિર્ભર ભારત અને હવે આગામી સમયમાં દેશને ૧૦૦ વરસ આઝાદીના પૂર્ણ થાય ત્યાં સુધી માં ભારત વિકસિત દેશોની શ્રેણીમાં આવે તે પ્રકારની સંકલ્પના કરી છે, તેમાં સૌએ સાથે મળીને ચાલવાનુ છે, દેશ જયારે આઝાદીના દોરમાં હતો ત્યારે આ દેશ માટે બલીદાન આપવા યુવાનો આગળ આવતા હતા અને હવે આટલા વરસ પછી હવે દેશ માટે મરવાની નહી જીવવાની આવશ્યકતા છે. દેશ હમે દેતા હૈ સબ કુછ, હમ ભી તો કુછ દેના સીખે, તેવા ભાવ સાથે રાષ્ટ્ર માટે આપણુ કર્તવ્ય શું તે ધ્યાન રાખવુ જોઈએ, એક પેડ મા કે નામ, કેચ ધ રેન, સ્વચ્છ ભારત અને સ્વદેશી અપનાવો, જેવા વિષયોને દેશના નાગરીક તરીકે સાથે મળી અનુસરણ કરીએ, આવનાર સમયમાં ફરી એકવખત સમગ્ર વિશ્વને માર્ગદર્શિત કરી યશસ્વી ભારતના નિર્માણમાં દેશના નાગરીક તરીકે આપણુ કર્તવ્ય અને ફરજ બજાવીએ તેવુ તેમણે જણાવ્યુ હતું.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ રૂપાજી ગામમાં અરજીની તપાસમાં ગયેલા પોલીસ કર્મી પર હુમલો :૨ મહિલા સહિત ૩ વિરૂધ્ધ ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ રૂપાજી ગામમાં પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો થયાનો બનાવ બનવા પામ્યો છે. અરજીની તપાસમાં ગયેલા પોલીસ કર્મી પર હુમલો કરવામાં આવ્યો હતો. મોયદ રૂપાજી ગામમાં પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કર્યો હતો. આ સાથે જ પોલીસ કર્મીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, આ મામલે બે મહિલા સહિત ૩ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદના મોયદ રૂપાજી ગામમાં પોલીસ કર્મી પર હુમલાનો બનાવ બનવા પામ્યો હતો. મોયદ રૂપાજી ગામે પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરવામાં આવ્યો હતો.

અરજીની તપાસમાં ગયેલ પોલીસ સાથે ઝપાઝપી દરમિયાન ગાળો બોલી માર મારી ડાબા પગે સાથળના ભાગે બચકુ ભરી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી, હુમલો કરનાર ૩ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મી પર હુમલો થયાનો બનાવ બનવા પામ્યો હતો. અરજીની તપાસમાં ગયેલ પોલીસ સાથે ગાળો બોલી ઝપાઝપી કરી માર માર્યો હતો. રાજય સેવકની ફરજમાં અડચણ કરી રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી આ મામલે ૨ મહિલા સહિત ૩ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

# ગુજરાતમાં ભારેથી અત્યંત ભારે વરસાદ ખાબકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ફરીથી મેઘરાજાનું જોર ધીરે ધીરે વધી રહ્યું છે. ત્યારે એક લો પ્રેશર એરિયાની સાથે વધુ એક લો પ્રેશર એરિયા બની ગયો છે. એક મોન્સૂન ટ્રફ બંગાળની ખાડીમાંથી અરબ સાગરમાં જઈ રહ્યું છે. જેના કારણે હવામાન વિભાગે ગુજરાતમાં આગામી સાત દિવસ ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. સોમવારે ૧૮મી તારીખે જુનાગઢ, પોરબંદર, નવસારી, તાપી, ડાંગ, વલસાડમાં ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, દ્વારકા, જામનગર, રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગર, મોરબી, કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરતમાં યલો એલર્ટ સાથે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. બંગાળની ખાડીમાં એક સિસ્ટમ સક્રિય થઈ છે. જે આગળ વધ્યા બાદ ગુજરાત પર તેની અસર થશે. રાજયમાં વરસાદનું જોર વધવાની આગાહી હવામાન વિભાગે આપી છે. આ સાથે બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી પણ આપી છે. ગુજરાતમાં આગામી સાત દિવસ હળવાથી ભારે વરસાદ વરસવાની આગાહી આપવામાં આવી છે.

૧૯મી તારીખે દ્વારકા, પોરબંદર, નવસારી, વલસાડમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે રાજકોટ, જુનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગમાં અતિભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત તમામ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.૨૦મી તારીખે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડમાં ગાજવીજ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, રાજકોટ, ભરૂચ, સુરત, તાપી, ડાંગમાં ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંતના તમામ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી છે.૨૧મી તારીખે કચ્છ, જામનગર, દ્વારકા, પોરબંદર, જુનાગઢમાં ગાજવીજ સાથે અતિભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંતના તમામ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

# સુરતમાં કળિયુગી પુત્રએ કરી પિતાની હત્યાઃ તમારે અન્ય સ્ત્રી સાથે સબંધ છે તેમ કહી ઢીમ ઢાળી દીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના પાલી ગામમાં એક ચોંકાનારી ઘટના બની હતી. આ સમગ્ર ઘટનાની વિગત અનુસાર પાલી ગામમાં રહેતા ૪૦ વર્ષીય મૃતક ચેતન રાઠોડ નામના વ્યક્તિની તેના જ સગીર પુત્રએ ચપ્પુના ઘા ઝીંકીને હત્યા કરી છે.

મૃતક ચેતન રાઠોડ બાગકામમાં નોકરી કરતા હતા. જ્યારે તેમનો પુત્ર ફિલ્ટર પાણીના બાટલા ડિલિવરી કરવાનું કામ કરતો હતો. ઘટના સમયે ચેતન રાઠોડ પોતાના ઘર પાસે મોબાઈલમાં ગેમ રમી રહ્યા હતા. તે જ સમયે, તેમનો સગીર પુત્ર ત્યાં આવ્યો અને અચાનક તેમના પર ચપ્પુ વડે હુમલો કર્યો.

આ હુમલામાં ચેતન રાઠોડને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, ચેતન રાઠોડ અને તેમના પત્ની-પુત્ર વચ્ચે એક મહિના પહેલાં પણ અન્ય મહિલા સાથેના સંબંધોને લઈને ઝઘડો થયો હતો. આ ઝઘડા બાદ ચેતનની પત્ની તેમના પુત્ર અને પુત્રીને લઈને પિયર પણ જતી રહી હતી, પરંતુ થોડા સમય બાદ તેઓ પાછા ફર્યા હતા. ગત રાત્રિએ ફરીથી આ જ મુદ્દે પિતા-પુત્ર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત વણસતા, આવેશમાં આવીને સગીર પુત્રએ ઘરમાંથી ચપ્પુ લઈ પોતાના પિતા પર જીવલેણ હુમલો કર્યો. આ હુમલામાં ચેતન રાઠોડને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. હુમલાના અવાજ સાંભળીને આસપાસના લોકો દોડી આવ્યા હતા. જોકે, ત્યાં સુધીમાં ચેતન રાઠોડનું નિધન થઈ ગયું હતું. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.પોલીસને ઘટનાની જાણ થતા સચિન જીઆઈડીસી પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે હત્યારા સગીર પુત્રની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક ચેતન રાઠોડના પરિવારમાં તેમની પત્ની, બે પુત્રો અને એક પુત્રી છે. બે પુત્રો પૈકી મોટા સગીર પુત્રએ જ આ અત્યંત ગંભીર કૃત્ય કર્યું છે. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં શોક અને ચકચારનો માહોલ છે.